# Bi 121 OLD TESTAMENT

## પાઠ : ૧૮ મુસાનો જન્મ (નિર્ગમન ૧-૨)

બાળકનો જન્મ માતાપિતા તથા કુટુંબીજનો માટે એક ખુશીનો અને મહત્વનો પ્રસંગ હોય છે. આ વાર્તામાં એક સુંદર બાળકના માતા-પિતા માટે આ બાબત મુશ્કેલ બની જાય છે. તેના જીવનનાં પહેલા ત્રણ મહિના, તેના માતા-પિતા તેને તેઓના ઘરમાં સંતાડી રાખે છે. તેની આખી જીંદગી ધમકીથી ભરેલી હતી પણ આ નાના ઈસ્રાએલી બાળક માટે દેવની એક મહાન મોટી યોજના હતી. એવી યોજના કે જેની કોઈ કલ્પના પણ ના કરી શકે.

યાદ રાખો કે યાકુબના વંશજો ઈસ્રાએલી કહેવાયા, કારણ દેવે યાકુબનું નામ બદલીને ઈસ્રાએલ પાડેલું. ઈસ્રાએલી પ્રજા જયાં સુધી એક મહાન દેશજાતિના લોકો નથી બનતા ત્યાં સુધી ૪૦૦ વર્ષ સુધી તોઓની સંખ્યા વધતી ગઈ. આ એ વચનની સંપુર્ણતાની શરૂઆત હતી જે દેવે ઈબ્રાહિમને આપેલ કે તેના વંશજો આકાશના તારા જેટલી સંખ્યામાં વધશે. યુસુફને ન ઓળખનાર નવો રાજા ફારૂન સત્તા પર આવ્યો ત્યાં સુધી ઈસ્રાએલી પ્રજાએ રાજ કર્યુ. આ નવો રાજા ફારૂન ઈસ્રાએલીઓથી બાધો કારણ તેઓ સંખ્યામાં વધતા જતાં હતા. તે બીતો હતો કે કદાચ તેઓ ઈજીપ્તના દુશ્મનો સાથે મળી જાય તો યુધ્ધ ફાટી નીકળશે.

તેમની પહેલી યોજના તેઓને ગુલામ બનાવી ગુલામી કરાવવા દ્વારા તેઓને કાબુમાં રાખવાની હતી. તેણે તેઓ પાસે ઈંટો બનાવડાવી તથા નવા શહેરો બંધાવ્યા. હજી પણ ઈસ્રાએલીઓની સંખ્યા વધતી જતી હતી. પછી ઈજીપ્ત વાસીઓએ તેઓને માર્યા. તેઓનું કામ પુષ્કળ વધાર્યુ. તેઓના પગ વડે ચાલતા યંત્રો દ્વારા જમીનોને પાણી આપ્યું તથા ખેતરમાં કામ કરાવ્યું છતા તેઓની સંખ્યા વધી. ફારૂને પછી નવી યુક્તિ કરી. તેણે હિબ્રૂ દાઈઓને કહયું, "તમે ઈસ્રાએલીઓની સ્ત્રીઓને પ્રસવ કરાવો તો નર બાળકને તરત જ મારી નાખવું. ફકત નારી જાતિનાં બાળકને જ જીવાડવી.

દાયણો ઈજીપ્તના રાજા કરતા દેવની બીક વધારે રાખતી હતી આથી તેઓ છોકરીઓની સાથે સાથે છાકરાઓને પણ જીવાડતી હતી. તેઓએ ફારૂનને કહયું, "હિબ્રૂની સ્ત્રીઓ ઈજીપ્તની સ્ત્રીઓ કરતા વધારે હોંશિયાર છે. તેઓ પહોંચે તે પહેલાજ તેઓ પ્રસવ કરાવી દે છે." દેવે દાયણોને તેઓના કુટુંબ વધારવા દ્વારા આશીર્વાદ આપ્યો કેમકે, તેઓએ નર બાળકોને ન માર્યા.

ઈઝરાએલીઓ સંખ્યામાં વધતા ગયા તેથી ફારૂન નવો આદેશ બહાર પાડયો કે, "દરેક નવો જન્મ પામેલા બાળકને નાઈલ નદીમાં ફેંકી દેવો." આ સતાવણીના સમયે હિબ્રૂ કુટુંબમાં લેવીના કુળમાં એક બાળક જન્મ્યો. લક આ બાળક માટે એવું લખે છે કે, "દેવની નજરમાં તે

સુંદર હતો. તેઓના માતા-પિતાએ જોયુ કે તે સામાન્ય બાળક ન હતો અને તેઓ રાજાના ફરમાનથી બીતા ન હતા. તની માં એ તેને ત્રણ મહિના સંતાડી રાખ્યો, સમય પસાર થતા દરેક અઠવાડીયા સાથે તેને અધિકારીઓથી છુપાવવો ખુબ મુશ્કેલ બનતુ હતું.

છેવટે તેણે તેના બાળકને બચાવવાની યોજના કરી. તેણે વાંસની એક ટોપલી બનાવી અને તેઓએ તેને ડામરથી ચોટાડી જથી તે પાણીમાં ન ડુબે. વહેલી સવારે જયાર કોઈ આસપાસ નહતું. ત્યારે તેણે બાળકને ટોપલીમાં મુકયું.

બાળકને ફેંકવાને બદલે તેઓએ નાઈલ નદીમાં તેને તરતુ મુકયું. નદી કિનારે ઝાડીની વચ્ચે બાળકની બહેન મીરીયમ આતુરતાથી જોતી હતી કે તેના નાના ભાઈનું શું થશે ?

ફારૂનની દિકરી નદીને કાંઠે સવારે જયારે નહાવા માટે આવે છે ત્યારે તેણે નદી મધ્યે બરૂઓની અંદર એક ટોપલી જોઈ અને તેણે પોતાની દાસીને તે કાઢી લાવવા કહયું. ટોપલી ખોલતા તેને અંદર રડતુ બાળક મળ્યુ. તેથી તેને તેનાં પર દયા આવી. તેણીએ કહયું, " આ તો કોઈ હિબ્રૂનું બાળક છે."

તે જ સમયે છુપાયેલી મરીયમ તે સ્થળે આવી અને કહેવા લાગી, "તો તારા માટે હું આ બાળકને ધવડાવવા સારુ કોઈ હિબ્રૂ બાઈને શોધી લાવુ શું ?" તેણે કહયું કે, "હા જલ્દી જઈને કોઈને શોધી લાવ." આથી મરીયમ જઈને તે બાળકની માં ને ફારૂનની પુત્રી પાસે તેડી લાવી. તેણીએ પ્રેમથી તે બાળકને તેની માંને સોંપતા કહયું, "આ બાળકને લે અને મારે સારુ તને ધવડાવ અને હું તને તે બદલ પગાર આપીશ."

કેટલાક વર્ષો બાદ જયારે બાળક ભારે ખોરાક લેવા લાગ્યો ત્યારે તેની માતા ફારૂનની દિકરી પાસે તે બાળક લઈ આવી. તે ત્યાં આગળ દત્તક પુત્ર તરીકે રહેવા લાગ્યો અને મહેલની રીતભાત તથા અભ્યાસ કરવા માટે તેને તક મળી. તેણે તેનું નામ મુસા પાડયું જેનો અર્થ 'બહાર કાઢી લાવવુ' થાય છે. કેમકે તેણીએ કહયું, "મેં તેને પાણીમાંથી બહાર કાઢયો છે."

આ પ્રમાણે દેવે મુસા માટે દાસીઓનો, તેની માતાનો, તેની બહેનનો અને ફારૂનની દિકરીનો કે જેણે દેવનાં લોકોનો નાશ કરવાની યોજના ઘડી હતી તેનો ઉપયોગ કર્યો.

આ વાર્તાનુ મહત્વ એ દર્શાવે છે કે, દેવ ઈસ્રાએલીઓને આપેલા વચનોને ભુલી ગયા ન હતા. તેમજ દેવ પોતાનાં હેતુઓને પુરા કરવા માટે વિરોધી વ્યકિતનો પણ ઉપયોગ કરી શકે છે. કેટલીક વાર સ્ત્રીઓ પણ તે મહત્વની વ્યકિત હોઈ શકે.

આ વાતની મુખ્ય સચ્ચાઈ એ દર્શાવે છે દેવ પોતાની યોજનાઓ પોતાના સમયે પુરી કરે છે ત્યાં સુધી કે તેનાં પસંદ કરેલા લોકોને મુશ્કેલ પરિસ્થિતીમાં પણ દેવ બચાવે છે અને પોતાની યોજના પુરી કરે છે.

ચાલો આપણે પુનરાવર્તન કરીએ.

પ્ર. ૧ શા માટે ફારૂને ઈસ્રાએલીઓની સાથે દુર્વ્યવહાર શરૂ કર્યો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – ફારૂન ઈસ્રાએલીઓની વધતી જતી સંખ્યાથી ડરી ગયો હતો – તો તમે સાચા છો.

પ્ર.૨ ઈસ્રાએલીઓની વૃધ્ધિનાં પ્રશ્નને નિવારવાને માટે ફારૂને કયો ઉપાય અજમાવ્યો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – દરેક તાજા જન્મેલા હિબ્રૂ નર બાળકને નાઈલ નદીમાં ફેંકી દેવો – તો તમે સાચા છો.

પ્ર.૩ ફારૂનની દિકરીએ બાળકને શું નામ આપ્યું ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – તેણીએ તેનું નામ મુસા પાડયુ કેમકે તેણે તેને પાણીમાંથી બહાર કાઢયો હતો – તો તમે સાચા છો.

આ વાત જેણે સાંભળી નથી તેઓને જણાવો. ચર્ચા કરતા તેઓને કહો કે, જેઓ દેવની પાછળ સંપુર્ણ હૃદયે ચાલવા માંગે છે તેઓને દેવ ઉપયોગમાં લાવે છે. ભલે બીજાઓ તેઓનો ઉપયોગ ન કરે. શું તમે એવા કોઈ વ્યકિતને જાણો છો ? જો કોઈ એવી સ્ત્રી પણ છે તો તેને જણાવો કે, "દેવને માટે તે મહત્વની વ્યકિત છે."

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.